૩૫૪૭

શ્રી પુર્શોત્તમ નારાયણ ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય.

જૂદી જૂદીં ચાર રીતે.

પ્રસિદ્ધ કરનાર.

ભ. રા. જાની.

સુરત "વિકટોરીયા પ્રેસ."

સંવત ૧૯૪૪ સને ૧૮૮૮.

કિંમત આનો ૧.

આ ચોપડી રજીસ્ટર કરાવી છે. માટે
એ કોઇએ કર્ત્તાની સંમતી શિવાય
છાપવી કે છપાવવી નહીં.

વિનંતી.

આ મારા લઘુ ગ્રંથમાં શ્રી પુર્ષોત્તમ નારાયણ ભગવાનના સ્વરૂપના જ્ઞાનના નિર્ણયની ચાર રીત બતાવી છે. તેમાં ૧લી. કેટલાક ભગવાનમાં **દિવ્યભાવ** માને છે ને કેટલાક **મનુષ્યભાવ** માને છે. ૨ જી. કેટલાક **નિર્ગુણ** માને છે ને કેટલાક **સગુણ** માને છે. ૩ જી. કેટલાક **નિરાકાર** માને છે ને કેટલાક **સાકાર** માને છે. ૪થી, કેટલાક **કર્ત્તા** ગણે છે ને કેટલાક **અકર્ત્તા** ગણે છે. એ સર્વે કારણોની મતલબ ટુંકમાં સમજાવી તે બાબતનો શક દૂર કરવાના તથા તે બાબે સારી સમજ પડવાના હેતુથી તેમજ એ બાબેની તકરાર મટવાના હેતુથીજ એ બાબતસર કંઈક છપાવી પ્રસિદ્ધ કરવાની મને કેટલાક દિવસ થયાં ઉત્કંઠા થઈ હતી. તેથીજ મારી અલ્પ મતી પ્રમાણે જે વાત મને સિદ્ધ અને મારા મનને સમાધાની આપનારી જણાઇ તે છપાવી પ્રસિદ્ધ કરવામાં મેં મારી ઈચ્છા ફળીભૂત કીધી છે. અને આશા છે કે વાંચનારાઓ આ મારો લઘુ ગ્રંથ વાંચી તેની અચ્છી રીતે માહિતી મેળવી પોતાની પૂર્ણખાત્રી કરી ભગવાનના સ્વરૂપનો નિર્ણયપોતાની મેળે કરી લેશો.

ભ. રા. જાની.

વત્ની એરથાણન.



શ્રી પુર્ષોત્તમ ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય.

૧લી રીત.

ભગવાનના દિવ્ય ભાવ અને મનુષ્ય ભાવ વિશે.

પ્રથમતો ભગવાનનો જે દિવ્ય ભાવ અને મનુષ્ય ભાવ તેને અભેદપણે સમજવો. તે સમજવાની રીત એ છે જે અનંતકોટી સૂર્ય ચંદ્રના પ્રકાશ જેવું તેજોમય એવું જે પોતાનું અક્ષર ધામ તેને વિશે અનંત કોટી અક્ષર રૂપ મુક્તે સેવ્યા ને દિવ્ય ને દ્વીભુજ મુર્ત્તિ એવા જે પુર્ષોત્તમ ભગવાન તે સદા વિરાજમાન છે. ને તે કેવા છે, તો અનંત કોટી જે તે મુક્ત તથા અક્ષર તથા પુરૂષ

પ્રકૃતિ ને કાળ-એ સર્વેના નિયંતા છે, ને સર્વેના સ્વામી છે. ને એ સર્વેને સુખના આપનારા છે, ને સ્વતંત્ર છે, ને માહારાજાધિરાજ છે. અને એવા સામર્થ્યેનુક્ત જે એના એ પોતે ભગવાન તે જીવના ઉપર દયાએ કરીને તેમના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે. અને મનુષ્ય પોતાનો આશ્રય કરે, ને પોતાની ભક્તિ કરે, તેને અર્થે મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે. અને તે મનુષ્ય સ્વરૂપને વિશે પોતાની જે અક્ષર ધામમાં રહી તેજોમય દિવ્ય મૂર્ત્તિ તે દેખાઇ આવે. તથા પ્રકૃતિ પુરૂષનાં જેવું સામર્થ જણાઇ આવે, તથા વિરાટ પુરૂષના જેવું સામર્થ જણાઇ આવે, તથા એક થકા અનંત રૂપે જણાઇ આવે, તથા બ્રહ્મા, વિષ્ણુ ને શિવના જેવું સામર્થ જણાઇ આવે, તથા પોતે પોતાના મૂર્ત્તિને દેખીને અનંત જીવનાં ચિત્તનો નિરોધ સમાધીએ કરીને થઇ જાય, એ સર્વે મનુષ્યપણામાં દિવ્ય જાણવો. અને વળી એવો દિવ્ય ભાવ ન જણાવે ને મનુ-

ષ્યની રીતેજ વર્ત્તે, અને વળી પાછો દિવ્ય ભાવ જણાવે, અને કેટલીક વખત તો એની એ મનુષ્ય મૂર્ત્તિને વિશે કેટલાકને દિવ્ય ભાવ જણાવે, ને કેટલાકને મનુષ્ય ભાવ જણાવે, તે માટે દિવ્ય ભાવ અને મનુષ્ય ભાવ તે એકજ છે. પણ એમાં કિંચિત પણ ભેદ નથી. એવી રીતે દિવ્ય ભાવ ને મનુષ્ય ભાવ અભેદપણે સમજવાનો આ રીત કહી દેખાડી.

બીજી રીત.

ભગવાનના નિર્ગુણ સગુણપણા વિશે.

એ ભગવાનના નિર્ગુણ સગુણપણાની રીત સમજવી જે એવી રીતે દિવ્ય ભાવ ને મનુષ્ય ભાવને જણાવતા જે એ ભગવાન, તેની જે મૂર્-ર્તિ, તેતો માયાના જે સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ ને એ ત્રણ ગુણનાં કારજ તેણે રહિત છે, ને દિ-

ળ્ય છે, તે માટે એ ભગવાનને નિર્ગુણ જાણવા. અને એવા જે એ નિર્ગુણ ભગવાન તેને વિશે સત્ય, શૌચ, દયા એ આદિક જે અમાયિક એવા દિવ્ય ગુણ તે રહ્યા છે, માટે એ ભગવાનને સગુણ જાણવા. અથવા માયાના ત્રણ ગુણે જુક્ત ને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ, એવા જે અનિરૂદ્ધ, પધુમન ને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ ને શિવ, એ છ જે પોતાનાં રૂપ, તેણે કરીને પણ એ ભગવાનને સગુણ જાણવા.

ત્રીજી રીત.

ભગવાનના સાકાર નિરાકારપણા વિશે.

એ ભગવાનના સાકાર નિરાકારપણાની રીત સમજવી જે આત્યંતિક પ્રલયને અંતે પણ પોતાના અક્ષર ધામને વિશે દિવ્ય અવયવવાન એવો નિત્ય સિદ્ધ જે ભગવાનનો આકાર તે રહ્યો

છે, તે માટે એ ભગવાનને સાકાર જાણવા. અને એવો જે એ ભગવાનનો સદા દિવ્ય આકાર તેને એ ભગવાનના એકાંતિક ભક્ત દેખે છે. અને એ ભગવાનનો જે સદા દિવ્ય અવયવિ એવો આકાર તે માયામાંથી થયાં જે ચોવિશ તત્વ તેણે રહિત છે, તે માટે એ ભગવાનને નિરાકાર જાણવા. અથવા એ ભગવાનની અનંન્ય ભક્તિએ રહિત ને આત્મજ્ઞાનાદિક સાધને સહિત એવા જે પુરૂષ તેતો ભગવાનના અક્ષર ધામના તેજનેજ કેવળ દેખે છે. પણ તે ભગવાનના દિવ્ય આકારને દેખતા નથી તે સારૂ એ કૈવલ્યાર્થિ છે. તે એ ભગવાનને નિરાકાર કહે છે.

ચોથી રીત.

ભગવાનના કર્તા અકર્તાપણા વિશે.

ભગવાનના કર્તા અકર્તાપણાની રીત જાણવી જે એવા જે એ ભગવાન તે પુરૂષ, કાળ ને માયા તેના આદિ કર્તા છે, ને પ્રેરક છે, ને નિયંતા છે, તે માટે એ ભગવાનને કર્તા જાણવા.

અને પુરૂષ, કાળ ને માયા તે પાસે અનેક કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયને કરાવે છે, પણ પોતે નથી કર્તા, ને પોતે તો પોતાનાં અક્ષર ધામને વિશે પોતાના ભકતજને સેવ્યા થકા નિત્ય વિરાજમાન છે, તે માટે એ ભગવાનને અકર્તા જાણવા. અને પુરૂષ, કાળ ને માયા તે જે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરે છે, તે એ ભગવાનની અંતર્યામીપણે પ્રેરણાએ કરીને કરે છે. પણ તે વિના સ્વતંત્રપણે કરવાને સમર્થ નથી. ને જે એમને સ્વતંત્ર કર્તા જાણે છે તેતો નાસ્તિક છે. ને એ ભગવાનની પ્રેરણાએ કરીને જે એમને કર્તા જાણે છે તેતો આસ્તિક છે. આ ચાર રીતે જે પ્રત્યક્ષ ભગવાનનાં સ્વરૂપને જાણે છે તેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. અને આવી રીતે સમજ્યામાં જેને કસર છે, તેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં સંશય થાય છે, માટે ભગવાનનો જે ભકત હોય તેને આ ચાર રીત જે ઉપર વર્ણવી તે અવશ્ય સમજવાની છે.

સમાપ્ત.

જાહેર ખબર.

કોનસરટીના ગાઈડ.

(પોતાની મેળે વાજું વગાડતાં શીખ વાની ચોપડી.)

જૂદી જૂદી જાતના ૭૦ ગાયનો સાહિત જેની અંદર **ગરબી-છંદ-વૃત-લાવણી-ગજલ-હુમ રી-દાદરા-હોરી**-વિગેરે બીજાં કેટલાંક વખણાય લાં ગાયનો તા૦ અંગ્રેજી ગાયનોનો સમાસ છે.

વળી એ ચોપડી નવા શીખાઉને ઘણીજ અગત્ય ની છે. એમાં ડાબા અને જમણા બંને હાથની કુંચીઓ દાખલ કીધી છે, તેથી ઘણીજ ઝડપથી સમજણ પડે છે. એની ખુબી એકવાર અજમાયશથી સ્હેજ જણાઇ આવશે.

કિમ્મત **આના ૮.** દેશાવરવાળાઓએ પોસ્ટનો **આનો અરધો** વધુ મોકલવો.

વેચનાર

સુરતમાં-**એસ-જે-કાપડીઆ એન્ડ બ** ર્ધર્સ કેમિસ્ટ-ડ્રગિસ્ટ એન્ડ જનરલ મરચંટ. કણપીઠ બજાર.

કતારગામ.-**ભગુભાઈ રામશંકર જાની.**

વળી.

જાની મિત્ર અને નાની મિત્ર.

યાને.

મતલબીઓ અને જીવજાન દોસ્તની વાત.

કિમત આના—૨. તથા આ ચોપડી—ઉપલે ઠેકાણેથીજ મળશે.

દેશાવરવાળાઓએ દરેક ચોપડીએ પોસ્ટનો **આનો અરધો** વધુ મોકલવો.

કર્તા.

ભ—રા. જાની.

